૨૦૧૪

નં.આર.ટી.આઈ./અપીલ/સેક્રેટરી/જા.નં.૭/૨૦૧૪
તા.૧૯-૪-૨૦૧૪

દાર:- શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટ.

વાળા:- આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીશ્રી (સ્થાયી સમિતિ)

ય:- સુ.મ.પા.ના અધિકારીઓ અને પદાધિકારીઓ મળી ભ્રષ્ટાચાર આચરી ગેરરીતિ કરી ખાનગી માલિકીની જમીન ઉપર કોસાડ ખાતે ૧૭૨૮ જેટલા ગેરકાયદેસર મકાનો બનાવવામાં આવેલ તે બાબતે સ્થા.સ.એ ત્રણ જેટલા ઠરાવો પસાર કરેલ જે ઠરાવોનો અમલ થયો હોય તેની થયેલ કાર્યવાહી સહીતની સંપુર્ણ માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી વિગેરે મુદ્દા નં.(૧) થી (૪) બાબત.

યાદની હકીકત :- અરજદારશ્રી શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટ દ્વારા તા.૪-૨-૧૪ ના રોજ " સુ.મ.પા.ના અધિકારીઓ અને પદાધિકારીઓ મળી ભ્રષ્ટાચાર આચરી ગેરરીતિ કરી ખાનગી માલિકીની જમીન ઉપર કોસાડ ખાતે ૧૭૨૮ જેટલા ગેરકાયદેસર મકાનો બનાવવામાં આવેલ તે બાબતે સ્થા.સ.એ ત્રણ જેટલા ઠરાવો પસાર કરેલ જે ઠરાવોનો અમલ થયો હોય તેની થયેલ કાર્યવાહી સહીતની સંપુર્ણ માહિતી પ્રમાણિત નકલમાં પુરી પાડવી વિગેરે મુદ્દા નં.(૧) થી (૪) બાબત" સંદર્ભે માહિતી પૂરી પાડવાની વિનંતી કરતી મુળ અરજી અન્વયે લાગત જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ) દ્વારા તેમના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૧૭ ના જવાબથી નારાજ થઈ તા.૧૦-૩-૧૪ના રોજ સુ.મ.પા તરફે અપીલ કરેલ.

દર્ભ:- ૧. અરજદાર મજકુરની તા.૪-૨-૧૪ની અરજી (નમુના-ક)

૨. આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીશ્રીના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૧૭ તા.૭-૩-૧૪.

૩. અરજદાર મજકુરની તા.૧૦-૩-૧૪ની પ્રથમ અપીલ અરજી.

અરજદાર મજકુરની અપીલ અરજી અનુસંધાને મુળ અરજીની સ્પષ્ટતા સહ અપીલના સેક્રેટરી ઓફિસને લાગત મુદ્દા અંગેનો પક્ષ રજુ કરવા, માહિતીની દફતરી વિગત સ્પષ્ટ કરવા, લાગત જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી (સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસ)ને અત્રેની કચેરીના તા.૧૧-૩-૧૪ ના પત્ર નં.આર.ટી.આઈ./અપીલ/સેક્રેટરી/જા.નં.૬/૨૦૧૪ થી જણાવેલ જે અનુસંધાને તેઓશ્રી દ્વારા અરજદાર મજકુરની મુળ અરજી(નમુના-ક) થી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે તેમના પત્ર નં.આર.ટી. આઈ./ સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૧૭ તા.૭-૩-૧૪ થી માહિતી પુરી પાડવામાં આવેલ જેવી હકીકતલક્ષી રજુઆત કરેલ છે.

## -: હુકમ :-

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી, તેમજ રેકર્ડ પર ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ લાગત જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી (સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસ)એ અમો સમક્ષ રજુ કરેલ લેખિત સ્પષ્ટતા તેમજ મૌખિક રજુઆત ધ્યાને લેતા અરજદારશ્રી દ્વારા તા.૪-૨-૧૪ ની મુળ અરજી(નમુનો-ક)થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી (સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસ) દ્વારા તેમના તા.૭-૩-૧૪ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૧૭ થી અરજદારશ્રીને પાઠવેલ પ્રત્યુત્તરોને યથાયોગ્ય રાખવામાં આવે છે.

આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેક્ટર નં.૧૮, ગાંધીનગર-૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી અને એપેલેટ ઓફિસર,
સેક્રેટરી ઓફિસ,સુરત મહાનગરપાલિકા.

નોડલ ઓફિસર અને ડે.કમિશ્નરશ્રી(ફા.) પ્રતિ.......જાણ માટે.....

આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી(સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસ) પ્રતિ,..જાણ તથા અમલ માટે...

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટ,

૨૦૧૪

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૪/૧૪
તા.૧૮–૧૦–૨૦૧૪

**પ્રથમ અપીલ ક્રમાંક: આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/ઈન/૨૦૧૪/૭**

**વિવાદી :–**

શ્રી ઈસ્લામુદ્દીન અલાઉદ્દીન અંસારી

**વિરુધ્ધ**

**સામાવાળા :–** જા.મા.અ. અને આસી.સેક્રેટરી(સામાન્ય સભા),સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ઈસ્લામુદ્દીન અલાઉદ્દીન અંસારીની અરજી આઈ.ડી. ૧૧૫૦ થી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના ઠરાવ નં.૧૨૨૧/૧૯૯૩ ની નકલ વિગેરેના મુદ્દા નં.(૧) થી (૨) ની માહિતી આપવા બાબત.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી ઈસ્લામુદ્દીન અલાઉદ્દીન અંસારીની તા.૨૧–૮–૨૦૧૪ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જા.મા.અ.સેક્રેટરી બ્રાંચને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી.નં.૧૧૫૦.

૨. આસી.સેક્રેટરી અને જા.મા.અ.સા.સભાનો તા.૧૬–૯–૨૦૧૪ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/સા.સ./આઉટ/૨૦૧૪/૨૧

૩. અરજદારશ્રી ઈસ્લામુદ્દીન અલાઉદ્દીન અંસારીની તા.૬–૯–૨૦૧૪ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની પ્રથમ અપીલ.

૪. અપીલ અધિકારી અને ઈ.ચા.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૪–૧૦–૨૦૧૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૪/૧૨, તા.૮–૧૦–૨૦૧૪ ના રોજ રૂબરૂ હાજર રહેવા બાબત.

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી શ્રી ઈસ્લામુદ્દીન અલાઉદ્દીન અંસારી, રહે.૬૧૭–૬૧૮, ઉમીયા નગર/પંચશીલ નગર, ફા.પ્લોટ નં.૧૮૪, ટી.પી.૭, ભાઠેના, સુરત તરફીથી માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતિનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ જા.મા.અ.સેક્રેટરી બ્રાંચને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી.નં.૧૧૫૦ થી મુદ્દા નં.૧ અને ૨ ધ્વારા સુરત મહાનગરપાલિકાના ઠરાવ નં.૧૨૨૧/૧૯૯૩ ની નકલ તેમજ તેને લગતા તમામ પેપર્સ/રેકર્ડની નકલ તેમજ ઠરાવ અંતર્ગત વર્લ્ડ બેંકની જે પોલીસી છે તે પોલીસીને લગતા રેકર્ડની તમામ સર્ટીફાઈડ નકલ માટે અરજી કરેલ હતી. જે અન્વયે જા.મા.અ.અને આસી.સેક્રેટરી, સામાન્ય સભાએ તા.૧૬–૯–૨૦૧૪ ના રોજ સામાન્ય સભા, સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં.(૧)આંશિકના સંદર્ભમાં પત્ર નં.આર.ટી.આઈ/સેક્રેટરી/સા.સ./ આઉટ/૨૦૧૪/૨૧ અન્વયે નમુના–ગ ધ્વારા વિવાદીશ્રીને દફતરી રેકર્ડ આધારિત પ્રતિઉત્તર પાઠવવામાં આવેલ છે. સદર નિર્ણય(જવાબ)થી વાદીશ્રી નારાજ થઈ અપીલ અધિકારી અને ઈ.ચા.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને ઉદ્દેશીને તા.૩–૯–૨૦૧૪ ના રોજના પત્રથી અપીલ દાખલ કરેલ જે અત્રેની કચેરીને તા.૬–૯–૧૪ના પત્ર.નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૭૬૮ ધ્વારા તા.૨૩–૯–૨૦૧૪ ના રોજ મળેલ છે. જેમાં તેમણે અત્રેની કચેરી તરફથી માત્ર ઠરાવની નકલ આપવામાં આવી છે. પરંતુ વર્લ્ડ બેંક અંગે માંગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી, વર્લ્ડ બેંકને લગતી માહિતી તેના મુસદ્દા સહિત સંપૂર્ણ માહિતી માટે તેમણે અપીલ કરેલ છે. જે અંગેની સુનવણી અત્રેની કચેરીએ તા.૮–૧૦–૨૦૧૪ ના રોજ સવારે ૧૧–૧૦ કલાકે રાખવામાં આવેલ છે. જેમાં તા.૮–૧૦–૨૦૧૪ ના રોજ વાદીશ્રી તથા પ્રતિવાદીશ્રી હાજર રહેલ છે. જેમાં વાદીશ્રીએ મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતીના પ્રતિઉત્તર સંદર્ભે જણાવ્યું કે, સેક્રેટરી ઓફિસ તરફથી તેમને માત્ર ઠરાવની નકલ આપવામાં આવી છે. પરંતું વર્લ્ડ બેંક અંગે માંગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી. જે સંદર્ભે જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીએ તેમને જણાવે છે કે, માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૧(આંશિક) બાબતેના ઠરાવ નં.૧૨૨૧/૧૯૯૩ ની નકલ સુરત મહાનગરપાલિકાના રેકર્ડ વિભાગ તરફથી તેઓને આપવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાની સેક્રેટરી ઓફિસના જનરલ બોર્ડ વિભાગ ધ્વારા આપવામાં આવેલ નથી.

ઉકત ઠરાવ અંતર્ગત વર્લ્ડ બેંકની જે પોલીસી છે તે સેક્રેટરી ઓફિસના કાર્યક્ષેત્રના ન હોવાથી પોલીસીને લગતા રેકર્ડ/પેપર્સો ઉપલબ્ધ નથી. આમ વિવાદીને દફતરી રેકર્ડ આધારિત પ્રતિઉત્તર પાઠવવામાં આવેલ હોય અત્રેની કચેરીથી કશું કરવાનું રહેતું નથી. જેના સંદર્ભે વિવાદીશ્રી તરફથી અન્ય વધુ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી.સેક્રેટરી તરફથી વિવાદીને દફતરી રેકર્ડ આધારિત પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ આવેલ અપીલ અરજી દફતરે કરવા જોગ છે. તેવી દલીલ/માંગણી કરવામાં આવેલ છે.

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વાદીશ્રી/પ્રતિવાદીશ્રીએ કરેલ રજુઆતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

**અરજદારશ્રીની તા.૨૧/૦૮/૧૪ ની મૂળ અરજી(આઈ.ડી.૧૧૫૦)થી માંગવામાં આવેલ માહિતી અંગે જા.મા.અ. અને આસી.સેક્રેટરી તરફથી દફતરી રેકર્ડ આધારિત પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોઈ આવેલ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ આવેલ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.**

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો. ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન,પહેલા માળે, સેકટર–૧૮, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

**(અશોક પટેલ)**
**અપીલ અધિકારી અને ઈ.ચા.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

**<u>નકલ રવાના :–</u>**

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સામાન્ય સભા પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી ઈસ્લામુદ્દીન અલાઉદ્દીન અંસારી, પ્રતિ.....જાણ સારૂ.

૨૦૨૪

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૪/ ૧૭
તા.૦૩–૦૧–૨૦૧૫

## પ્રથમ અપીલ ક્રમાંકઃ આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/ઈન/૨૦૧૪/૧૧

**વિવાદી :–**

શ્રી ભનુભાઈ લાલજીભાઈ ઠુમ્મર

**વિરુધ્ધ**

**સામાવાળા :–** જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ તદર્થ સમિતિ),
સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષયઃ** વિવાદી/અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળની જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ તદર્થ સમિતિ), સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૨૯–૧૦–૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને કરેલ અરજી આઈ.ડી.૮૩૪ ના મુદ્દા નં.(૧) થી (૪) ની માહિતી આપવા બાબત.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી ભનુભાઈ લાલજીભાઈ ઠુમ્મરની આર.ટી.આઈ. એકટ હેઠળની જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ તદર્થ સમિતિ), સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૨૯–૧૦–૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને કરેલ અરજી આઈ.ડી.૮૩૪.

૨. અરજદારશ્રી ભનુભાઈ લાલજીભાઈ ઠુમ્મરની આર.ટી.આઈ. એકટ હેઠળ અપીલ અધિકારી અને ઈ.ચા. મ્યુ. સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૪–૧૨–૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને કરેલ પ્રથમ અપીલ અરજી નં.આર.ટી.આઈ–સેલ આઉટ નં.૮૩૪.

૩. અપીલ અધિકારી અને ઈ.ચા.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૨–૧૨–૨૦૧૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૪/૧૬

૪. જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ તદર્થ સમિતિ), સેક્રેટરી ઓફિસનો તા.૨૯–૧૨–૨૦૧૪ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/મહેકમ/તદર્થ/આઉટ/૨૮

..૨..

**<u>ફરીયાદની હકીકત :-</u>**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી શ્રી ભનુભાઈ લાલજીભાઈ ડુમ્મર, રહેબી-૪૩, સપના સોસા. ભગીરથનગરની પાછળ, એલ.એચ.રોડ, સુરત તરફથી માહિતિનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૬(૧) અને ગુજરાત માહિતિનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ-૩(૧) હેઠળ ની જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ તદર્થ સમિતિ), સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૨૯-૧૦-૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને કરેલ અરજી આઈ.ડી.૮૩૪ ના મુદ્દા નં.(૧) થી (૪) ધ્વારા સને ૧૯૯૫ દરમ્યાન સુરત મહા.ના હદ/વિસ્તાર/અધિકારક્ષેત્રમાં કુલ કેટલા જાહેરવાંચનાલયો કાર્યરત હતા? વિગેરે બાબતોની માહિતી આપવા માટે અરજી કરેલ હતી.

વિવાદી/અરજદાર ધ્વારા તા.૨૯-૧૦-૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને આર.ટી.આઈ. એકટ હેઠળ કરવામાં આવેલ અરજી બાબતે જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ તદર્થ સમિતિ), સેક્રેટરી ઓફિસ, સુરત ધ્વારા કોઈ જ નિર્ણય મળેલ નથી એટલે કે સમયસર માહિતી મળી નથી. જેથી નારાજ થઈ અરજદારશ્રી ભનુભાઈ લાલજીભાઈ ડુમ્મરે આર.ટી.આઈ. એકટ હેઠળ પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા. મ્યુ. સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૪-૧૨-૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે અપીલ અત્રેની ઓફિસ તા.૮-૧૨-૧૪ ના રોજ સાંજે ૪-૩૦ કલાકે એપેલેટ ઓફિસરશ્રીને કાર્યપાલક ઈજનેરશ્રી, ઈસ્ટ(વરાછા)ઝોનના તા.૬-૧૨-૨૦૧૪ ના પત્ર નં. આર.ટી.આઈ-સેલ આઉટ નં.૮૩૪ ધ્વારા મળેલ છે. અરજદાર/વિવાદીશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલ સંદર્ભે અત્રેની કચેરીએ જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ તદર્થ સમિતિ),

સેક્રેટરી ઓફિસને તા.૨૨–૧૨–૨૦૧૪ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૪/૧૬ થી અરજદાર શ્રી ભનુભાઈ લાલજીભાઈ ડુમ્મરની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીના અનુસંધાને તેઓએ કરેલ કાર્યવાહીની વિગતો સહ કામના કાગળોની એકપ્રત(ઝેરોક્ષ)સહિત પક્ષ અત્રે રજુ કરવા જણાવવામાં આવેલ.

અત્રેની કચેરીના ઉપરોક્ત પત્રના અનુસંધાનમાં તા.૨૯–૧૨–૨૦૧૪ ના રોજ જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ તદર્થ સમિતિ), સેક્રેટરી ઓફિસ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/મહેકમ/તદર્થ/આઉટ/૨૮ ધ્વારા જણાવે છે કે, " અરજદાર શ્રી ભનુભાઈ લાલજીભાઈ ડુમ્મરની તા.૨૯/૧૦/૨૦૧૪ની અરજી આઈ.ડી.નંબર–૮૩૪કે જે સેકશન ઓફિસર અને એ.પી.આઈ.ઓ.શ્રી, ઈસ્ટ ઝોન(વરાછા)ના તા.૩૦/૧૦/૨૦૧૪ના નમુનો–ઘ નંબર– આરટીઆઈ સેલ આઉટ નં.૮૩૪ થી જાહેર માહિતી અધિકારી અને (૧)સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ, તેમજ (૨)લાયબ્રેરી ટેક.આસી.શ્રી, કવિ નર્મદ લાયબ્રેરી, સુ.મ.પા.,સુરતને તબદીલ કરવામાં આવેલ હતી એટલે કે અરજદારશ્રીની અરજી આઈ.ડી.નંબર–૮૩૪ માં માગેલ માહિતીના મુદ્દા નંબર–૧ થી ૪ પૈકી એકપણ મુદ્દો સેક્રેટરી ઓફિસને લાગુ પડતો ન હોવાથી સદર અરજી આઈ.ડી.નંબર–૮૩૪ સેક્રેટરી ઓફિસને તબદીલ કરવામાં આવેલ ન હતી. તેમ છતાં અરજદાર શ્રી ભનુભાઈ લાલજીભાઈ ડુમ્મરએ તા.૪/૧૨/૨૦૧૪ ના રોજ તેમની તા.૨૯/૧૦/૨૦૧૪ની અરજી આઈ.ડી.નંબર–૮૩૪થી માગેલ માહિતી અંગે "કોઈ નિર્ણય મળેલ નથી" એવું જણાવી પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારી અને ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રી એ.એન. પટેલને કરેલ છે. પરંતુ અરજદારશ્રી શ્રી ભનુભાઈ લાલજીભાઈ ડુમ્મરની તા.૨૯/૧૦/૨૦૧૪ની અરજી આઈ.ડી.નંબર–૮૩૪ માં માગેલ માહિતીના મુદ્દા નંબર–૧ થી ૪ પૈકી એકપણ મુદ્દો સેક્રેટરી ઓફિસને લાગુ પડતો ન હોવાથી સદર અરજી આઈ.ડી.નંબર–૮૩૪ સેક્રેટરી ઓફિસને તબદીલ કરવામાં આવેલ નથી આથી સ્વભાવિક રીતે જ આ અરજી અંગે સેક્રેટરી ઓફિસ તરફથી કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી."

વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, પ્રતિવાદીશ્રીએ રજુ કરેલ પક્ષ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## " હુકમ "

**અરજદારશ્રીની તા.૨૯/૧૦/૧૪ ની મૂળ અરજી(આઈ.ડી.૮૩૪)થી માંગવામાં આવેલ માહિતી અંગેની અરજી સેકશન ઓફિસર અને એ.પી.આઈ.ઓશ્રી ઈસ્ટ(વરાછા) ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને (૧)સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ, તેમજ (૨)લાયબ્રેરી ટેક.આસી.શ્રી, કવિ નર્મદ લાયબ્રેરી, સુરત મહાનગર પાલિકાને સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે. સદર અરજી સેક્રેટરી ઓફિસને તબદીલ કરવામાં આવેલ ન હોવાથી અરજદારે ઉપરોકત વિભાગ પાસેથી માહિતી મેળવી શકશે. વધુમાં, અરજીમાં માહિતીના મુદ્દા નંબર–૧ થી ૪ પૈકી એકપણ મુદ્દો સેક્રેટરી ઓફિસને લાગુ પડતો નથી. જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ/તદર્થ સમિતિ)તરફથી દફતરી તમામ વિગતો સહ રેકર્ડ આધારિત વિગતવાર પક્ષ અત્રેની કચેરીએ રજુ કરેલ તેની પણ નકલ અરજદારને પાઠવવામાં આવેલ છે. જેથી આવેલ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ આવેલ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. "**

તેમ છતાં અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

3.1.15

**(અશોક એન. પટેલ)**
**પ્રથમ અપીલ અધિકારી અને**
**ઈ.ચા.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

પ્રતિ,

(૧) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ પ્રતિ.....જાણ સારૂ..
(૨) જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ/તદર્થ સમિતિ)પ્રતિ.... જાણ માટે.
(૩) શ્રી ભનુભાઈ લાલજીભાઈ ઠુમ્મર

૨૦૧૫

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૫/ ૫<br>તા.૨૩–૦૨–૨૦૧૫ |
|---|---|---|

**પ્રથમ અપીલ ક્રમાંકઃ આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/ઈન/૨૦૧૫/૧**

**વિવાદી :–**
શ્રી મુકેશ ડી. વઘાસીયા

**વિરુધ્ધ**

**સામાવાળા :–** જા.મા.અ. અને આસી.સેક્રેટરી(સ્થાયી સમિતિ),સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષયઃ** વિવાદી/અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળની જા.મા.અ. અને આસી. સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ), સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૧૫–૧૦–૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને કરેલ અરજી આઈ.ડી.૮૧૫ ના મુદ્દા નં.(૧) થી (૪) ની માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ** વિવાદીશ્રીની અરજી તા.૩–૧–૨૦૧૫ ની અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદાર શ્રી મુકેશ ડી. વઘાસીયાની આર.ટી.આઈ. એકટ હેઠળની જા.મા.અ. અને આસી.સેક્રેટરી–સ્થાયી સમિતિ/પેટા સમિતિ, સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૧૫–૧૦–૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને કરેલ અરજી આઈ.ડી.૮૧૫.

૨. અરજદાર શ્રી મુકેશ ડી. વઘાસીયાની આર.ટી.આઈ. એકટ હેઠળ અપીલ અધિકારી અને આસી.સેક્રેટરી–સ્થાયી સમિતિ/પેટા સમિતિ, સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૨૬–૧૧–૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને કરેલ પ્રથમ અપીલ અરજી.

૩. અરજદાર શ્રી મુકેશ ડી. વઘાસીયાની આર.ટી.આઈ. એકટ હેઠળ અપીલ અધિકારીશ્રી એ.એન.પટેલ, ઈ.ચા. મ્યુ. સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૩૧–૧૨–૧૪ ના રોજના પત્ર અન્વયે કરેલ પ્રથમ અપીલ અરજી.

૪. અપીલ અધિકારી અને ઈ.ચા.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૫–૧–૨૦૧૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૫/૧

૫. આસી.સેક્રેટરી અને જા.મા.અ. (સ્થા.સ.), સેક્રેટરી ઓફિસનો તા.૮–૧–૨૦૧૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૪

**<u>ફરીયાદની હકીકત :–</u>**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી શ્રી મુકેશ ડી. વઘાસીયા, ૪૫, ભગવતીનગર, ટેલીફોન એક્ષ્ચેન્જ સામે, કાપોદ્રા, વરાછા રોડ, સુરત તરફથી માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતિનો અધિકાર નિયમો, ૨૦૧૦ નાં નિયમ–૩(૧) હેઠળ ની જા.મા.અ. અને આસી. સેક્રેટરી–સ્થાયી સમિતિ/પેટા સમિતિ, સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૧૫–૧૦–૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને કરેલ અરજી આઈ.ડી.૮૧૫ અન્વયે વર્ષ ૨૦૦૫ દરમ્યાન સુરત મહા.ના હદ/વિસ્તાર/અધિકારક્ષેત્રમાં ૩૩ જાહેરવાંચનાલયો (રીડીગ રૂમ) કાર્યરત હતા તેને સંલગ્ન મુદ્દા નં.(૧) થી (૪) માં જણાવેલ બાબતોની માહિતી આપવા માટે અરજી કરેલ હતી.

વિવાદી/અરજદાર ધ્વારા તા.૧૫–૧૦–૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને આર.ટી.આઈ. એકટ હેઠળ કરવામાં આવેલ અરજી બાબતે જા.મા.અ. અને આસી. સેક્રેટરી–સ્થાયી સમિતિ/પેટા સમિતિ, સેક્રેટરી ઓફિસ, સુરત ધ્વારા સમયસર માહિતી મળી નથી. જેથી નારાજ થઈ અરજદારશ્રીએ આર.ટી.આઈ. એકટ હેઠળ અપીલ અધિકારી અને આસી.સેક્રેટરી –સ્થાયી સમિતિ/પેટા સમિતિ, સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને તા.૨૬–૧૧–૧૪ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે અપીલ વરાછા ઝોનથી અત્રેની ઓફિસને મળેલ નથી. ત્યારબાદ અરજદાર શ્રી મુકેશ ડી. વઘાસીયાએ તા.૩૧–૧૨–૧૪ ના પત્ર ધ્વારા આર.ટી.આઈ. એકટ હેઠળ અપીલ અધિકારીશ્રી એ.એન.પટેલ, ઈ.ચા. મ્યુ. સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરતને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી મોકલેલ હતી. જે અત્રેની કચેરીએ તા.૩–૧–૨૦૧૫ ના રોજ સાંજે ૪–૫૫ કલાકે મળેલ છે.

જે બાબતે પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રીએ તા.૫–૧–૨૦૧૫ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૫/૧ થી જે અંગેની સુનાવણી અત્રેની કચેરીએ તા.૯–૧–૨૦૧૫ ના રોજ સવારે ૧૧–૩૦ કલાકે રાખેલ હતી અને જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી (સ્થાયી સમિતિ) પાસે અરજદારની ઉકત અરજીના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહ મુદત પહેલા કામના કાગળોની એકપ્રત(ઝેરોક્ષ) માંગેલ હતી.

અત્રેની કચેરીના ઉપરોકત પત્રના અનુસંધાનમાં તા.૮–૧–૨૦૧૫ ના રોજ જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી–સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસે પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/મહેકમ/તદર્થ/આઉટ/૨૮ ધ્વારા જણાવેલ છે કે, " અરજદાર શ્રી મુકેશ ડી. વઘાસીયાની તા.૧૫–૧૦–૧૪ ની અરજી (આઈ.ડી.નં.૮૧૫) સેકશન ઓફિસર અને એ.પી.આઈ.ઓ.શ્રી, ઈસ્ટ ઝોન (વરાછા) એ તેમના તા.૧૬–૧૦–૧૪ ના પત્ર આરટીઆઈ સેલ આઉટ નં.૮૧૫ થી જાહેર માહિતી અધિકારી અને (૧) આસી.સેક્રેટરી/સ્થાયી સમિતિ/સામાન્ય સમિતિશ્રી, સેક્રેટરી ખાતુ તેમજ (૨) લાયબ્રેરી ટેક.આસી.શ્રી, કવિ નર્મદ લાયબ્રેરી, સુ.મ.પા., સુરતને તબદીલ કરી હોવાનું જણાવેલ છે પરંતુ ઉકત તબદીલ કરવામાં આવેલ અરજી અત્રેની કચેરીને મળેલ નથી તેમજ આપશ્રીના ઉકત પત્ર સાથે સામેલ અરજદારશ્રીની તા.૧૫–૧૦–૧૪ ની અરજી (આઈ.ડી.નં.૮૧૫) થી માંગેલ માહિતીના મુદ્દા નંબર–૧ થી ૪ પૈકી એકપણ મુદ્દો સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસને લાગુ પડતો નથી. જેથી અરજદાર શ્રી મુકેશ ડી. વઘાસીયાની તા.૩૧–૧૨–૨૦૧૪ ની અપીલ અરજી દફતરે કરવા જોગ છે. "

તા.૯–૧–૨૦૧૫ ના રોજ અપીલની સુનાવણી વખતે વાદીશ્રી ગેરહાજર રહેલ છે. પ્રતિવાદી પક્ષે અધિકારી તરીકે શ્રી નરેન્દ્ર ચૌહાણ, જા.મા.અ. અને આસી.સેક્રેટરી (સ્થાયી સમિતિ) ઉપસ્થિત હતા. જેમાં પ્રતિવાદીશ્રીએ જણાવ્યું કે, તેઓના તા.૮–૧–૨૦૧૫ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૪ માં જણાવેલ વિગતો અનુસાર અરજદાર શ્રી મુકેશ ડી. વઘાસીયાની તા.૧૫–૧૦–૧૪ ની અરજી(આઈ.ડી.નં.૮૧૫) એસ.ઓ. અને એ.પી.આઈ.ઓ.શ્રી (વરાછા ઝોન) ધ્વારા સેક્રેટરી/સ્થાયી સમિતિ/સામાન્ય સમિતિશ્રી, સેક્રેટરી ખાતાને તબદીલ કરી હોવાનું જણાવેલ છે. પરંતુ ઉકત અરજી અત્રેની કચેરીને મળેલ નથી. વધુમાં, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નંબર–૧ થી ૪ પૈકી એકપણ મુદ્દો સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસને લાગુ પડતો નથી. જે સઘળી હકીકતો ધ્યાને લઈ અરજદારની અપીલ અરજી અંગે તેઓ ધ્વારા વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી અને અરજદાર પોતે આખરી સુનાવણીના સમયે ગેરહાજર રહેલ છે જે બાબત સ્વયં સ્પષ્ટ કરે છે કે હવે અરજદાર ઉપરોકત સઘળી બાબતોથી માહિતગાર થયેલ હોય શકે અને માંગવામાં આવેલ માહિતી સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાથી અપીલ અરજી દફતરે કરવા જોગ છે. તેવી દલીલ/માંગણી કરવામાં આવેલ છે.

વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, પ્રતિવાદીશ્રીએ રજુ કરેલ પક્ષ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## " હુકમ "

અરજદારશ્રીની તા.૧૫/૧૦/૧૪ ની મૂળ અરજી(આઈ.ડી.૮૧૫)થી માંગવામાં આવેલ માહિતી અંગેની અરજી સેકશન ઓફિસર અને એ.પી.આઈ.ઓ.શ્રી ઈસ્ટ(વરાછા)ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને (૧)આસી.સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ), સેક્રેટરી ખાતાને તેમજ (૨) લાયબ્રેરી ટેક. આસી.શ્રી, કવિ નર્મદ લાયબ્રેરી, સુરત મહાનગર પાલિકાને સંપૂર્ણ તબદીલ કરી હોવાનું જણાવેલ છે. પરંતુ સદર અરજી સેક્રેટરી ખાતાને તબદીલ કરવામાં આવેલ ન હોવાથી અરજદારે ઉપરોકત વિભાગ પાસેથી માહિતી મેળવી શકશે. અરજદાર અંતિમ સુનાવણી દરમ્યાન ગેરહાજર રહેલા તેથી સદર માહિતી મેળવવામાં રસ ન હોય એવું જણાય આવે છે. વધુમાં, અરજીમાં માહિતીના મુદ્દા નં.–૧ થી ૪ પૈકી એકપણ મુદ્દો સેક્રેટરી ઓફિસને લાગુ પડતો નથી. જેથી અરજદાર/વાદીશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સદર મુદ્દાઓ જોગ આવેલ અપીલ અરજી સેક્રેટરી ઓફિસ તરફે દફતરે કરવામાં આવે છે. "

તેમ છતાં અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

23.2.15

(અશોક એન. પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

પ્રતિ, (૧) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ પ્રતિ.....જાણ સારૂ..
(૨) જા.મા.અ. અને આસી.સેક્રેટરી(સ્થાયી સમિતિ) પ્રતિ.... જાણ માટે.
(૩) શ્રી મુકેશ ડી. વઘાસીયા

૨૦૧૫

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૫/૭
તા.૯–૩–૨૦૧૫

**પ્રથમ અપીલ ક્રમાંક: આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/ઈન/૨૦૧૫/૩**

**વિવાદી/અરજદાર :–**
શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**વિરુધ્ધ**

**સામાવાળા :–** જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ),સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અરજી આઈ.ડી.નં. ૬૪૮ થી સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી નિરવ શાહે વર્ક ઓડર, ઈજારદારે આપેલા કામોની યાદી વિગેરેની મુદ્દા નં.(૧) અને (૨) હેઠળ માંગવામાં આવેલ માહિતીની નકલો આપવા બાબત.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૬–૧–૨૦૧૫ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની મે.કમિશ્નરશ્રી અને સક્ષમ સત્તાધિકારીશ્રી, જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી.નં.૬૪૮.

૨. ડે.ઈજનેર અને જા.મા.અ., હાઈડ્રોલિક વિભાગનો તા.૯–૧–૨૦૧૫ નો પત્ર નં.એચઈડી/આ.નં./૧૦૬

૩. અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૪–૨–૨૦૧૫ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની મે.કમિશ્નરશ્રી અને સક્ષમ સત્તાધિકારીશ્રી, અપીલ અધિકારી સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ

૪. અપીલ અધિકારી અને ઈ.ચા.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૭–૨–૨૦૧૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૫/૬

૫. આસી.સેક્રેટરી અને જા.મા.અ. (સ્થા.સ.), સેક્રેટરી ઓફિસનો તા.૨–૩–૨૦૧૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૧૪

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, રહેવાસી– ૧૨/૨૩૭૩, સૈયદપુરા માર્કેટ, કુંભારવાડા પાસે, સુરત તરફથી માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતિનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ મે.કમિશ્નરશ્રી અને સક્ષમ સત્તાધિકારીશ્રી, જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી.નં.૬૪૮ થી સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી નિરવ શાહે વર્ક ઓર્ડર, ઈજારદારે આપેલા કામોની યાદી વિગેરેની મુદ્દા નં.(૧) અને (૨) હેઠળ માંગવામાં આવેલ માહિતીની નકલો આપવા માટે અરજી કરેલ હતી. ઉકત અરજી બાબતે જા.મા.અ.શ્રીએ ક–૭ અને પેટા કલમ–૧ નો ભંગ કરી કોઈ માહિતી અરજદારશ્રીને પાઠવેલ નથી અને હાઈડ્રોલિક વિભાગની તથા અન્ય માહિતી છુપાવેલ છે. વિગેરે કારણોસર તા.૨–૨–૨૦૧૫ ના રોજ મે.કમિશ્નરશ્રી અને સક્ષમ સત્તાધિકારીશ્રી, અપીલ અધિકારી સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને ઉદ્દેશીને અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. ઉકત અપીલ મધ્યસ્થ કચેરીએ તા.૨–૨–૨૦૧૫ ના ક્રમ નં.ડી/૧૧૫૯૯ થી મોકલેલ. જે અત્રેની કચેરીએ તા.૦૩–૨–૨૦૧૫ ના રોજ સાંજે ૫–૧૦ કલાકે મળેલ છે. અરજદાર/વિવાદીશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલ સંદર્ભે અત્રેની કચેરીએ જા.મા.અ. અને આસી. સેક્રેટરીશ્રી સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસને તા.૨૭–૨–૨૦૧૫ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૫/૬ થી અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીના અનુસંધાને જા.મા. અધિકારી અને આસી.સેક્રેટરી સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસે કરેલ કાર્યવાહીની વિગતો તેમજ તેઓની રજુઆત સંદર્ભના ઉપલબ્ધ તમામ આધાર–પુરાવા સહ કામના કાગળોની એકપ્રત (ઝેરોક્ષ)સહિત તેઓશ્રીને તેમનો પક્ષ અત્રે રજુ કરવા જણાવવામાં આવેલ.

જે અન્વયે આસી.સેક્રેટરી અને જા.મા.અ.શ્રી(સ્થા.સ.), સેક્રેટરી ઓફિસે તા.૨–૩–૨૦૧૫ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/સ્થા.સ./આઉટ/ધ્વારા દફતરી રેકર્ડ આધારિત પ્રત્યુત્તર સહિતનો તેમનો પક્ષ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, " માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારની તા.૬–૧–૧૫ ની અરજી (આઈ.ડી.નં.૬૪૮) જાહેર માહિતી અધિકારીશ્રી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) એ તેમના તા.૭–૧–૧૫ ના પત્ર નં.સી./આરટીઆઈ/૬૪૮ થી જાહેર માહિતી અધિકારી અને (૧) આસી.સેક્રેટરીશ્રી (સ્થાયી સમિતિ), (૨) ડેપ્યુટી ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) અને ડેપ્યુટી ઈજનેરશ્રી (હાઈડ્રોલિક વિભાગ) ને તબદીલ કરેલ. ઉકત અરજી અત્રેની કચેરીને તા.૯–૧–૨૦૧૫ ના રોજ મળેલ.

અરજદારશ્રીની તા.૬–૧–૧૫ ની અરજી (આઈ.ડી.નં.૬૪૮) થી માંગેલ માહિતી બાબતે અત્રેની કચેરીના તા.૪–૨–૨૦૧૫ ના પત્ર નં.આર.ટી.આઈ.સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૯ થી અરજદારશ્રીને સમય મર્યાદામાં જવાબ પાઠવેલ છે. જવાબની તથા સદર જવાબનો પત્ર તેઓને પહોંચાડેલ છે તે ટપાલબુકની નકલ આ સાથે સામેલ છે.

અરજદારશ્રીની તા.૨–૨–૨૦૧૫ ના રોજની અપીલ અરજી બાબતે આપશ્રીને જણાવવાનું કે, અરજદારની તા.૬–૧–૨૦૧૫ ની અરજી (આઈ.ડી.નં.૬૪૮) થી માંગેલ માહિતીના મુદ્દા નં.૧ અને ૨ ને લગતી માહિતી સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. આમ અત્રેની કચેરી ધ્વારા અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારિત પ્રત્યુત્તર સમય મર્યાદામાં જ પાઠવેલ હોય તેથી અરજદાર ધ્વારા તા.૨–૨–૨૦૧૫ ના રોજ (સમયમર્યાદા પહેલા) પ્રથમ અપીલ કરી તેઓને અત્રેની કચેરી ધ્વારા માહિતી પાઠવેલ નથી અને અન્ય માહિતી છુપાવેલ છે તેવી કરેલ દલીલ સદંતર ખોટી અને વજુદ વગરની હોય તેઓની અપીલ અરજી દફતરે કરવા વિનંતી."

વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ પ્રતિવાદીશ્રીએ રજુ કરેલ પક્ષ તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## હુકમ

" અરજદારશ્રીની તા.૦૬–૦૧–૨૦૧૫ ની મૂળ અરજી(આઈ.ડી.૬૪૮) જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી) ધ્વારા તા.૭–૧–૨૦૧૫ ના પત્રથી જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ)/ડે.ઈજનેરશ્રી(હાઈડ્રોલિક વિભાગ)ને નમૂનો–ઘ ધ્વારા તબદીલ કરેલ છે. ડે.ઈજનેર અને જા.મા.અ.શ્રી(હાઈડ્રોલિક વિભાગ)ધ્વારા તા.૯–૧–૨૦૧૫ ના પત્રથી ઉકત અરજી જા.મા.અ. અને ડે.ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન)ને નમૂનો–ઘ ધ્વારા તબદીલ કરેલ છે. વિવાદીશ્રીની ઉકત અરજી જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી (સ્થાયી સમિતિ)ને તા.૯–૧–૨૦૧૫ ના રોજ મળેલ છે. વિવાદીશ્રીને ઉકત અરજી બાબતે લાગત જા.મા.અ. અને ડે.ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન) ધ્વારા તા.૨૧–૧–૨૦૧૫ ના પત્રથી માહિતી આપવામાં આવેલ છે. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી (સ્થાયી સમિતિ)એ ક–૭ અને પેટા કલમ–૧ નો ભંગ કરી કોઈ માહિતી અરજદારને પાઠવેલ નથી અને હાઈડ્રોલિક વિભાગની તથા અન્ય માહિતી છુપાવેલ છે વિગેરે દલીલો ધ્વારા અરજદારે તા.૨–૨–૨૦૧૫ ના રોજ પ્રથમ અપીલ કરેલ છે. જે બાબતે જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ)એ તા.૨–૩–૨૦૧૫ ના પત્રથી ઉપલબ્ધ આધાર–પુરાવા સહિત વિગતવાર અને હકીકતલક્ષી પક્ષ રજુ કરેલ છે જે અન્વયે અરજદારે નિયત સમય મર્યાદા પહેલા પ્રથમ અપીલ કરેલ છે અને જા.મા.અ. અને આસી. સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ), સેક્રેટરી ઓફિસ, સુરત ધ્વારા તા.૪–૨–૨૦૧૫ ના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૯ થી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારિત પ્રત્યુત્તર નિયત સમય મર્યાદામાં પાઠવેલ છે તેવું સ્પષ્ટ જણાય છે. ઉકત તમામ હકીકતો/વિગતો/પુરાવાઓ ધ્યાને લેતા અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અન્વયે કરવામાં આવેલ દલીલો ગ્રાહય રાખી શકાય તેમ નથી. જેથી વિવાદી/અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સદર મુદ્દાઓ જોગ આવેલ અપીલ અરજી સેક્રેટરી ઓફિસ તરફે દફતરે કરવામાં આવે છે. "

તેમ છતાં અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(અશોક એન. પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ, (૧) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ પ્રતિ.....જાણ સારૂ..
(૨) જા.મા.અ. અને આસી.સેક્રેટરી(સ્થાયી સમિતિ) પ્રતિ.... જાણ માટે.
(૩) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

२०९५

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

RIGHT TO INFORMATION

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૫/૧૦
તા.૨૫–૩–૨૦૧૫

**પ્રથમ અપીલ ક્રમાંકઃ આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/ઈન/૨૦૧૫/૪**

**વિવાદી/અરજદાર :–**
શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**વિરુધ્ધ**

**સામાવાળા :–** જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ),સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષયઃ** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અરજી આઈ.ડી.નં.૬૯૩ થી મુદ્દા નં.(૫) થી સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીનો ખરડો, ઠરાવ વિગેરેની માહિતી આપવા બાબત.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૯–૧–૨૦૧૫ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની મે.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી.નં.૬૯૩.
૨. જા.મા.અ.શ્રી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી)નો તા.૨૦–૧–૧૫ નો પત્ર નં.સી/આર.ટી.આઈ./૬૯૩
૩. જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગનો તા.૨૨–૧–૨૦૧૫ નો પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૯૮
૪. ડે.ઈજનેર અને જા.મા.અ.,સેન્ટ્રલ ઝોનનો તા.૨૮–૧–૨૦૧૫ નો પત્ર નં.સેઝોન/આરટીઆઈ/જાવક/૩૩૧૦
૫. અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૭–૨–૨૦૧૫ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અપીલ અધિકારી, મે.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ
૬. જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગનો તા.૨૩–૨–૨૦૧૫ નો પત્ર નં.જીએડી/ઈએસટી/૫૦૯૫
૭. જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(આર)નો તા.૪–૨–૨૦૧૫ અને તા.૨૫–૨–૨૦૧૫ ના રોજના પત્ર નં.પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૩ અને.જીએડી/ઈએસટી/આર/૧૧૬૪
૮. અપીલ અધિકારી અને ઈ.ચા.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૧૦–૩–૨૦૧૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૫/૮
૯. આસી.સેક્રેટરી અને જા.મા.અ. (સ્થા.સ.), સેક્રેટરી ઓફિસનો તા.૨૪–૩–૨૦૧૫ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૧૮

**રીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના વિવાદી શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, રહેવાસી– ૧૨/૨૩૭૩, સૈયદપુરા માર્કેટ, કુંભારવાડા પાસે, સુરત તરફથી માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતિનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ જા.મા.અ., મે.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી.નં.૬૯૩ થી સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીનો ખરડો, ઠરાવ વિગેરે બાબતોનો ઉલ્લેખ કરતી મુદ્દા નં.(૧) થી (૫) હેઠળ માંગવામાં આવેલ માહિતીની નકલો આપવા માટે અરજી કરેલ હતી. ઉક્ત અરજી બાબતે અરજદારશ્રીને ૩૦ દિવસની સમયમર્યાદા તથા અન્ય દિવસોમાં પણ માહિતી અરજદારને આપવામાં નિષ્ફળ ગયા વિ. કારણોસર તા.૨૭–૨–૨૦૧૫ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે અત્રેની કચેરીએ તા.૦૯–૩–૨૦૧૫ ના રોજ સાંજે ૪–૩૦ કલાકે જા.મા.અ. અને ડે.ઈજનેર, સેન્ટ્રલ ઝોનના તા.૭–૩–૨૦૧૫ ના પત્ર સી.ઝેડ/આ.ટી.આઈ./આઉટ/નં.૩૮૦૬ થી મળેલ છે.

અરજદાર/વિવાદીશ્રી ધ્વારા કરવામાં આવેલ અપીલ સંદર્ભે અત્રેની કચેરીએ જા.મા.અ. અને આસી. સેક્રેટરીશ્રી સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસને તા.૨૭–૨–૨૦૧૫ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૧૫/૬ થી અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીના અનુસંધાને જા.મા.અ. અને આસી.સેક્રેટરી સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસે કરેલ કાર્યવાહીની વિગતો તેમજ તેઓની રજુઆત સંદર્ભેના ઉપલબ્ધ તમામ આધાર–પુરાવા સહ કામના કાગળોની એકપ્રત(ઝેરોક્ષ) સહિત તેઓશ્રીને તેમનો પક્ષ અત્રે રજુ કરવા જણાવવામાં આવેલ.

જે અન્વયે આસી.સેક્રેટરી અને જા.મા.અ.શ્રી(સ્થા.સ.), સેક્રેટરી ઓફિસે તા.૨૪–૩–૨૦૧૫ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૧૮ ધ્વારા દફતરી રેકર્ડ આધારિત પ્રત્યુત્તર સહિતનો તેમનો પક્ષ રજુ કરેલ છે.

જેમાં તેઓએ જણાવેલ છે કે, " માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની અરજદાર શ્રી નરેશભાઈ એન. બથવારની તા.૧૯-૧-૧૫ ની અરજી (આઈ.ડી.નં.૬૯૩) જા.મા.અ.શ્રી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) તેમજ જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) મારફત અનુક્રમે તેઓના તા.૨૦-૧-૧૫ ના પત્ર નં.સી/આર.ટી.આઈ./૬૯૩ તેમજ તા.૨૨-૧-૨૦૧૫ ના પત્ર નં.જી.એ.ડી/ ઈએસટી/૪૪૯૮ થી અત્રેની કચેરીને તા.૨૨-૧-૧૫ ના રોજ મળેલ છે. અરજદારશ્રીની તા.૧૯-૧-૧૫ ની અરજી (આઈ.ડી.નં.૬૯૩)થી માંગેલ માહિતી બાબતે અત્રેની કચેરીના તા.૨૦-૨-૨૦૧૫ ના પત્ર નં.આર.ટી.આઈ. સેક્રેટરી/ સ્થા.સ./આઉટ/૧૩ થી અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવેલ છે. જવાબની તથા સદર જવાબ અરજદારના સરનામે સ્વીકારાયેલ છે તેની સાબિતી માટે ટપાલબુકની નકલ આ સાથે સામેલ છે. અરજદારશ્રીની તા.૧૯-૧-૧૫ ની અરજી (આઈ.ડી.નં.૬૯૩)થી માંગેલ માહિતી બાબતે અત્રેની કચેરીને લાગુ પડતા મુદ્દા નં.૫(આંશિક)ને અનુલક્ષીને લગતી માહિતી સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. આમ અત્રેની કચેરી ધ્વારા અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારિત પ્રત્યુત્તર સમય મર્યાદામાં જ પાઠવેલ હોય તેથી અરજદાર ધ્વારા તા.૨૭-૨-૨૦૧૫ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરી તેઓને ૩૦ દિવસની સમયમર્યાદા તથા અન્ય દિવસોમાં પણ માહિતી આપવામાં નિષ્ફળ ગયા તેવી દલીલ સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસના સંદર્ભમાં સંદતર ખોટી અને વજુદ વગરની હોય તેઓની અપીલ અરજી દફતરે કરવા વિનંતી. "

**વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ પ્રતિવાદીશ્રીએ રજુ કરેલ પક્ષ તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

" અરજદારશ્રીની તા.૧૯–૦૧–૨૦૧૫ ની મૂળ અરજી(આઈ.ડી.નં.૬૯૩) જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી) ધ્વારા તા.૨૦–૧–૨૦૧૫ ના પત્રથી જા.મા.અ. અને ડે.ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન)/સેકશન ઓફિસરશ્રી (મહેકમ)ને નમૂનો–ઘ ધ્વારા તબદીલ કરેલ છે. જે પૈકી સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા તા.૨૨–૧–૨૦૧૫ ના પત્રથી ઉકત અરજીનો મુદ્દો નં.(૧) જા.મા.અ.શ્રી અને મહેકમ(રીક્રુટમેન્ટ) વિભાગને અને મુદ્દા નં.(૫) માટે જા.મા.અ.શ્રી, સેક્રેટરી વિભાગને નમૂનો–ઘ ધ્વારા તબદીલ કરેલ છે. તદ્ઉપરાંત વિવાદીશ્રીની ઉકત અરજી ડે.ઈજનેર અને જા.મા.અ., સેન્ટ્રલ ઝોન ધ્વારા પણ તા.૨૮–૧–૨૦૧૫ ના પત્રથી જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી (સ્થાયી સમિતિ) સહિત ડે.ઈજનેરશ્રી(બ્રીજ સેલ), ડે.ગાર્ડન સુપ્રિ.શ્રી(ગાર્ડન વિભાગ) અને ડે.ટાઉન પ્લાનરશ્રી(ટાઉન પ્લાનીંગ વિભાગ) ને નમૂનો–ઘ ધ્વારા તબદીલ કરેલ છે.

અરજદારશ્રીની ઉકત અરજી આઈ.ડી.નં.૬૯૩ બાબતે જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગે તા.૨૩–૨–૨૦૧૫ ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૫૦૯૫ થી નમુનો–ગ ધ્વારા માહિતી આપેલ છે તેમજ જા.મા.અ. અને સેકશન ઓફિસરશ્રી(આર)એ તા.૪–૨–૨૦૧૫ અને તા.૨૫–૨–૨૦૧૫ ના રોજના પત્ર નં.પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૩ અને જીએડી/ઈએસટી/આર /૧૧૬૪ ધ્વારા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ છે.

આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ ના નમુના–ક માં ૩૦ દિવસની સમયમર્યાદા તથા અન્ય દિવસોમાં પણ માહિતી આપવામાં નિષ્ફળ ગયા વિગેરે દલીલો ધ્વારા અરજદારે તા.૨૭–૨–૨૦૧૫ ના રોજ પ્રથમ અપીલ કરેલ છે. જે બાબતે જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી(સ્થાયી સમિતિ)એ તા.૨૩–૩–૨૦૧૫ ના પત્રથી ઉપલબ્ધ આધાર–પુરાવા સહિત વિગતવાર અને હકીકતલક્ષી પક્ષ રજુ કરેલ છે. જે અન્વયે સ્થાયી સમિતિ, સેક્રેટરી ઓફિસને આંશિક લાગુ પડતા મુદ્દા નં.૫ને અનુલક્ષીને દફતરી રેકર્ડ આધારિત પ્રત્યુત્તર / માહિતી, જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૨૦–૨–૨૦૧૫ ના પત્ર થી અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં પાઠવેલ છે તેવું સ્પષ્ટ જણાય છે. જેથી ઉકત તમામ હકીકતો/વિગતો/પુરાવાઓ ધ્યાને લેતા અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અન્વયે કરવામાં આવેલ દલીલો ગ્રાહય રાખી શકાય તેમ નથી. જેથી વિવાદી/અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સદર મુદ્દાઓ જોગ આવેલ અપીલ અરજી સેક્રેટરી ઓફિસ તરફે દફતરે કરવામાં આવે છે. "

તેમ છતાં અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

25-3-15

(અશોક એન. પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ, (૧) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ પ્રતિ.....જાણ સારૂ..
(૨) જા.મા.અ. અને આસી.સેક્રેટરી(સ્થાયી સમિતિ) પ્રતિ.... જાણ માટે.
(૩) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર